

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*ચૂસીને ફેંકી દે, રોગ છે, સંબંધો ફોગ થશે!?*
*'પાટીદાર અનામત' હવે કોઈ ભોગ લેશે!!*
*છવાઈ જશે શોગ 'આનંદી' વાતાવરણમાં -*
*કે કોઈ વીવીઆઈ અનિચ્છાએ જોગ લેશે!!*

હાઈકુ

*મારી ગૂલાંટ -*
*'ઇશરત' કથા છે -*
*'મન કી બાત'*
*(- હેડલી ઉવાચ!)*

*સંગઠનમાં -*
*વણિક - પટેલોમાં -*
*પડી છે આંટી...*
*(વાતે વાતે વિવાદ)*

### ચિંતન

**દેવહીનં કાર્ય સુસાધ્ય મપિ દુસાધ્યં ભવતિ ।**

'ચાણક્યનીતિ શાસ્ત્ર'નું આ સૂત્ર છે :

'જજયારે ભાગ્ય-નશીબ પ્રતિકૂળ હોય ત્યારે કોઈ પણ સરળકાર્ય હોય છતાં પણ કપરું કઠિન અને અનેક વિઘ્નોવાળું બની જાય છે.'

આપણાં પૂર્વજન્મોનાં સારાં-માઠાં કર્મો સંચિત થઈ એક 'પેનડ્રાઈવ' તૈયાર થાય છે. જે એવી જગ્યા-સ્થાન-પ્લેયરમાં પ્લે થાય છે. જયાં એ કર્મો ભોગવવાનું તમામ વાતાવરણ તૈયાર બનેલું હોય છે. દા.ત. સત્કર્મી રાજવી ઠાઠમાઠ વાળા પરિવારમાં, અને દુષ્કર્મી કોઈ ગરીબ પરિવારમાં જન્મે છે અને કર્મ-ભાગ્યને ભોગવે છે.

જો નશીભ ભાવિ-ગ્રહો તરફેમમાં હોય તો ગમે તેવાં કઠિન સાહસમાં પણ સફળતા મળે છે પરંતુ ભાગ્યનો સાથ-સહકાર ન હોય ત્યારે સરળ ધારવામાં આવેલું કામ પણ કઠિન થઈ જાય છે અને પૂરું થતું નથી.

### સુવિચાર

- સત્ય સદા સૌને લાગુ પડવું જોઈએ, નહીં તો એ કદાપિ સત્ય ગણાય નહીં **- એસ. ભટ્ટાચાર્ય**
- ઉદ્ધતાઈ તો અજ્ઞાનતાનું બાળક છે **- સંત રોબિન**
- લાલસાનો ત્યાગ કરશો તો જગતભરની દોલત આપોઆપ ચરણોમાં આવી જશે **- અખંડ આનંદ**
- સત્યની ગમે તેટલી બડાશ સ્ત્રી આગળ ટકતી નથી... જોસ્ત્રી ખરી પારખું હોય તો **- પન્નાલાલ પટેલ**
- જે માનવી સત્તા સંપત્તિ અને અહંકારનો બોજો જાતે ફેંકી દે છે એ મહાન પુરુષ છે **- સંત પુનિત**
- કલ્પવૃક્ષ એટલે એ કે માણસ પોતાની પરની સંગીન શ્રદ્ધા **- શાહબુદ્દિન રાઠોડ**
- 'અનુયાયી' એટલે કોઈના વિચારોને સ્મશાને લઈ જતા ડાઘુઓ **- ચંદ્રકાત બક્ષી**
- આજનું ઔષધ : જેમને ઉદર રોગ થયેલ હોય તેમને ધતૂરાના પાનનો રસ પેટ ઉપર ચોપડવાની રાહત થાય છે.

(સંકલન : દીપક વી. આસરા)

### બોધકથા

આજના નેતા-રાજકારણીઓ-ધનિકો ગુન્હોં કરીને જેલમાં જાય તો પણ વરઘોડો કાઢે સજા પૂરી થાય કે જામીન પર છૂટે તો હાથીની અંબાડી પર ફૂલેકાં કાઢી રેલી નીકળે - છાપાંનાં રંગેહાથ પકડાયો ના સમચારા છપાય તો પણ તેનો ઉપયોગ પ્રચાર-પ્રસિદ્ધિમાં કરે - કાવતરું અને ફસામણીમાં ખપાવે! એમની પીઠ પાડા જેવી લિસ્સી હોય છે.. પાણી (બદનામી) ઝાકળબિંદુ જેમ કાં સરી પડે કાં શોભી ઊઠે!!

એક સત્યવાદી નેતાના ચારિત્ર્ય ખંડનના સમાચાર જોડી કાઢેલા ફોટોગ્રાફ સાથે છપાયા. નેતાજીએ ઝેરી દવાની ગોળીઓ ખાઈ લીધી. બચી ગયા. હોસ્પિટલમાં હતા - મિત્રો - સગાંસંબંધીઓ તેમની તબિયત પૂછવા આવવા લાગ્યા. એક ખંધા નેતાજી પણ આવ્યા. સત્યવાદી એ એને પૂછ્યું, બોલો! તમે મારી જગ્યાએ હો તો તમને દુઃખ ન થાય? છાપામાં કેવી બદનામી થઈ?!

નેતાજી ખંધુ હસ્યા અને કહ્યું - જો ભાઈ! જે લોકો છાપું ખરીદે છે એમાંના અર્ધા પાના વાંચતા નથી - જે કાંઈ વાંચે છે એમાંના અર્ધા કંઈ સમજતા નથી. જે કોઈ સમજે એને વિશ્વાસ આવતો નથી. ત્યાં તો બીજે દિવસે બધું ભૂલાઈ જાય!! તમને ઓળખે છે એ માનસે નહીં! નથી ઓળખતા તે વિરોધી જ રહેવાના.

# નવાઝ શરીફ અને મોદી : બેઉ માટે કપરી કસોટીનો સમય

**તંત્રીસ્થાનેથી...**

પાકિસ્તાન સરકારે પઠાનકોટ હુમલામાં ભારત સરકારની મંજૂરીથી મોકલાવેલ તપાસ સમિતિને એરપોર્ટના સંવેદનશીલ વિસ્તારોમાં નહીં જવા દેવાની જાહેરાત છતાં કેજરીવાલ અને કોંગ્રેસે - કુખ્યાત આઈએસઆઈને સામે ચાલીને તેડું મોકલવા બદલ કેન્દ્ર સરકારની કડક ટીકા કરી છે એમાં સૂર પુરાવવાનું મન થાય છે. પાકિસ્તાન પક્ષે આ ફક્ત એક ઔપચારિક દેખાડો છે, જેથી પોતે આતંકવાદ મુદ્દે ગંભીર હોવાના પોકળ દાવાને આંતરરાષ્ટ્રીય કક્ષાએ સમર્થન સાંપડી શકે અને અમેરિકા તેમ જ ચીન જેવા મહાસત્તાઓ પાસેથી બારત સામે લડવા માટે અદ્યતન શસ્ત્રો મેળવવામાં અડચણ ન નડે. કોણ જાણે કેમ, ભારત સરકારે પાક લશ્કરના અધિકારીઓ અને ગુપ્તચર સંસ્થાના સભ્યોને પોતાના દેશમાં આવીને પાકિસ્તાની આતંકવાદીઓએ મચાવેલ કાળા કેરની ખાતરી કરવા કઈ મજબૂરીને કારણે નોતરું પાઠવવું પડ્યું હશે! આખીય કવાત આખરે તો પાકિસ્તાનના ફાયદામાં જવાની છે. પાકિસ્તાન હજાર જુદ્ધાણાં ચલાવ્યા કરે તો પણ ભારતમાં થતા રહેતા આતંકવાદી હુમલાઓનું એપિ સેન્ટર પાકિસ્તાનમાં હોવા વિશે દુનિયાભરમાં સર્વસમંતિ પ્રવર્તે છે. એ જુદી વાત છે કે પોતેપોતાના નિહિત સ્વાર્થોને કારણે અમેરિકા, ચીન અને હવે રશિયા સુદ્ધાં પાકિસ્તાન સાથે શસ્ત્રસોદા કરતાં રહે છે. ભારતના વડાપ્રધાન પર ઓબામા સહિત કેટલાક વિશ્વનેતાઓનું કેવડું મોટું દબાણ હશે ત્યારે એમને પોતાના અંતરાત્માના અવાજથી વિરુદ્ધ સામે ચાલીને પાકિસ્તાનની સાથે મીઠા સંબંધો કેળવવાના અણગમતા ઉપક્રમોમાં જોતરાવું પડ્યું હશે. નરેન્દ્ર મોદી 'મન કી બાત' કરે છે એમ કયારેક આ મુદ્દે 'આત્મા કી આવાજ' રજૂ કરશે ત્યારે એનો ખુલાજો મળી શકશે. પરંતુ આત્માનો અવાજ અભિવ્યક્ત કરવા માટે જે 'આઝાદી' જોઈએ તે સત્તા પર આરૂઢ શાસક પાસે નથી હોતી. એણે અનેક અણગમતાં સમાધાનો કરીને - સ્વીકારીને ચાલવું પડતું હોય છે. નવાઝ શરીફ સાથે આપણા વડાપ્રધાનની અમેરિકાની મુલાકાત વાળેએ મુલાકાત ગોઠવાય એવી શક્યતા હતી, પરંતુ ખુદ નવાઝ શરીફે એમનો પ્રવાસ રદ કરતાં હવે એ શક્ય નથી. નવાઝ શરીફે એમનો અમેરિકા પ્રવાસ ટૂંકાવવો પડ્યો એમાં લાહોર ખાતે ગુલશન-એ-ઈકબાલ પાર્કમાં થયેલ આત્મઘાતી આતંકવાદી હુમલો કારણભૂત હોઈ શકે. આત્મઘાતી હુમલામાં માર્યા જનારાઓની સંખ્યા વધીને પંચોત્તેર - એંશીનો આંકડો પાર કરી ગઈ છે. લાહોર એ પાકિસ્તાનના પંજાબની રાજધાની છે અને નવાજ શરીફનું હોમ સ્ટેટ છે. લાહોરમાં હુમલો કરીને ત્રાસવાદીઓએ નવાઝ શરીફનું નાક કાપ્યું છે. આથી વ્યથિત પાક વડાપ્રધાને એમની અમેરિકાયાત્રા રદ કરી છે. એ દૃષ્ટિએ તેઓ સહાનુભૂતિના પાત્ર તો બની જ રહેશે, ઉપરાંત ભારતીય વડાપ્રધાન સાથેની અણગમતી મુલાકાત અને ઓબામા સહિતના વિશ્વનેતાઓ સાથે આંખ મિલાવવાની તકલીફ પણ ટાળી શકશે. મોદી માટે એક તરફ ભારતમાં પોતાનું વજૂદ ટકાવી રાખવા માટે આગામી પાંચ રાજયોની ચૂંટણી જીતી બતાવવી જરુરી છે. તો બીજી તરફ ભારે જહેમતપૂર્વક ઊભી કરેલી આંતરરાષ્ટ્રીય ઈમેજ જાળવી રાખવી પણ અનિવાર્ય છે. આજકાલ વિશ્વમાં સૌથી વધારે વ્યસ્ત હોય તો તે ભારતના વડાપ્રધાન છે. વ્યસ્ત છતાં તેઓ ત્રસ્ત નથી, કારણ કે શરૂથી જ યોગાસનો અને પ્રાણાયામ કરતા રહે છે. શ્રી શ્રી રવિશંકર જેવા મહાગુરુના એમના પર ચારેય હાથ છે અને રામદેવ બાબાનો હૂંફાળો સાથ છે. મોદી માટે આ વર્ષ એમનું વજૂદ ટકાવી રાખવા માટેનું કસોટીનું વર્ષ છે, જેની એમને પોતાને પણ ખબર છે. ગુડલક મિ. પ્રાઈમ મિનિસ્ટર!

# ફિલિંગ્સ્ ગાયબ અને સંબંધ ડિજિટલ



ગુલમોર

દિનેશ દેસાઈ

જાણીતા અંગ્રેજી નવલકથાકાર ચેતન ભગતે લખ્યું છે કે "જે સંબંધમાં રહેવા માટે તમારું દિલ ન માનતું હોય તો શા માટે તમે એ સંબંધમાંથી બહાર નીકળી જતા નથી? ગિવ ઈટ અપ કરતા કોણ રોકે છે તમને?" સાચી વાત છે. સંબંધનો ભાર લાગતો હોય તો એવો ભાર ઊંચકીને ચાલવાનો કોઈ અર્થ નથી.

આમ તો જન્મ સાથે કેટલાક સંબંધ આપોઆપ બંધાઈ જાય છે, તો કેટલાક સંબંધ જિંદગીના જુદા જુદા પડાવ ઉપર જોડાતા જાય અને તૂટતા જાય છે. જિંદગીની સફરમાં કોઈ પણ સંબંધ કાયમી કે ટકાઉ ન પણ હોય. કદાચ દરેક સંબંધને મેડિસિનની માફક એક્સપાઈરી ડેટ હોય છે. સંબંધ શુષ્ક થઈ જાય યા સૂકાઈ જાય નહીં, એનું ધ્યાન રાખવાની પણ જરુર હોય છે.

આજે જાણે કે સંબંધો મોબાઈલ બની ગયા છે. સંબંધો સ્માર્ટ (ફોન) બની ગયા છે. તમે મેસેજીસ કરો યા વોટ્સ-એપ કરો ત્યાં સુધી સંબંધના વાવેલા છોડને પોષણ મળતું રહે છે. તમે મેસેજની કાળજી બંધ કરો અથવા કાળજીથી મેસેજ કરવાના બંધ કરો ત્યારે સંબંધમાં વળાંક આવી જાય છે. માણસ નંબરના આધારે ઓળખાતો થયો છે. માણસ હેન્ડ-સેટમાંથી નંબર ડિલિટ કરીને સંબંધનો છેડો ફાડી નાખે છે.

જ્યારે તમને પ્રતિભાવ યા રિસ્પોન્ડ મળતો બંધ થાય ત્યારે સમજી લેવું રહ્યું કે રસ્તો ડેડ એન્ડ ઉપર આવીને અટકી ગયો છે. રસ્તો જ જ્યાં બંધ થતો હોય છે, ત્યારે હવે આપણે સમજી લેવું જોઈએ કે વળાંક લેવાનો સમય આવી ગયો છે. સંબંધના છોડને લાગણી અને કાળજીનું ખાતર-પોષણ મળવું જોઈએ. નહીં તો કુમળો છોડ કરમાઈ જાય છે.

*એક સમય એવો પણ હતો કે આપણે જૂના ફોટોગ્રાફસ્ જોઈને યાદો તાજી કરતા, આજે તો હેન્ડસેટમાં સંખ્યાબંધ ફોટોગ્રાફસ્ હોય છે, તો પણ એવી ફિલિંગ્સ્ નથી જ આવતી, ફિલિંગ્સ્ ગાયબ થઈ છે અને સંબંધો ડિજિટલ થઈ ગયા છે*

ખરેખર તો હેતુ વિના બંધાયેલા સંબંધોનો સેતુ વધારે મજબુત હોય છે. જે વ્યક્તિને તમારી કદર ન હોય તેનો સાથ નિભાવવો એ કોઈ વફાદારી નથી પરંતુ મુર્ખામી જ કહેવાય. સંબંધને જતનપૂર્વક ઉછેરવા અને જાળવવા માટે બન્ને વ્યક્તિએ જતન કરવું પડે. બે વ્યક્તિએ સંબંધ નામના છોડને સાચવવાની કાળજી લેવી પડે. કોઈ એક વ્યક્તિના ખભા ઉપર સંબંધ નિભાવવાની જવાબદારીનો ભાર હોય તો એ બાબત બોજરુપ બની જતી હોય છે.

આપણા સંબંધો મનની મિરાતથી નીકળીને મોબાઈલ સુધી પહોંચી ગયા છે. ધારે ત્યારે માણસ સંબંધને સેવ કરે છે અને ધારે ત્યારે ડિલિટ પણ કરી દે છે. એક સમય એવો પણ હતો કે આપણે જૂના ફોટોગ્રાફસ જોઈને યાદો તાજી કરતા. આજે તો હેન્ડસેટમાં સંખ્યાબંધ ફોટોગ્રાફસ હોય છે, તો પણ એવી ફિલિંગ્સ નથી જ આવતી. ફિલિંગ્સ ગાયબ થઈ છે અને સંબંધો ડિજિટલ થઈ ગયા છે.

સંબંધમાં ઉષ્મા અને સુષ્મા ઝિરો બેલેન્સ પર આવી જાય ત્યારે માનવ્યની વેલિડિટી પણ ખતમ થઈ જાય છે. સંબંધના મોબાઈલમાં લાગણીનું ઈન્ટરનેટ ડેટા-પેક રિચાર્જ કરાવવા માટે ફરીથી ઉષ્મા અને સુષ્માનો વિનિમય કરવો પડે છે. મનના માંડવે જૂઈની સુગંધ ફેલાતી રહે એ જરુરી છે. સંબંધમાં વિશ્વાસ, નિખાલસતા, આદર-સમાદરની સુવાસ પણ ભળે એ જરુરી છે.

**સ્ટોપર :**

**"સહુ પથ્થરોના બોજ તો ઊંચકી લીધા 'મરીઝ',**
**અમને નમાવવા હોય તો ફૂલોનો ભાર દે."**

# બસમાંથી ઉતરી એ નમ્રતાના ઘર તરફ ચાલી નીકળ્યો, પણ ત્યાં જઈ જોતાં મોટું તાળું ઘરના દરવાજે લટકતું હતું, પાડોશમાં બહાર બેઠેલા એક વડીલને પુછતાં તેમણે કહ્યું કે નમ્રતા કયાંક જતી રહી છે, તેનાં માબાપ શોધે છે



નવાં કલેવર

નટવર હેડાઉ

આ સરોવરની વચ્ચે ટાપુ દેખાય છે ને! તેમાં હોટલ બની છે. તું કહે જોઈએ સરોવરની વચ્ચોવચ્ચ આ ટાપુ કી રીતે વહી રહ્યો હશે? નમ્રતા એ ભીમતાલ સરોવર વચ્ચેની તરફ આંગળીથી ઈશારો કરતાં નરેશને કહ્યું ત્યારે તેણે ઉડતી નજર ટાપુ પર નાંખી અને પછી ધ્યાનથી નમ્રતાના ચહેરાની તરફ જોવા લાગ્યો. નમણા ચહેરાવાળી નમ્રતાના ચહેરા પર અત્યારે બાળસુલભ શરારતની ઝલક દેખાતી હતી. સરોવરમાં લોકો નૌકા વિવાહનો આનંદ લેતા હતાં તેમાં મોટા ભાગે યુવા કપડો જેને આપણે પ્રેમીયુગલ કહીએ તો કંઈ ખોટું ન ગણાય. આકાશમાં વાદળો દિશાહીન હવાને સહારે વહેતા હતા. ઠંડી હવાની લહેરખી સહેલાણીઓના વાળ સાથે ગમ્મત કરતી હતી પરંતુ નમ્રતા તેને એવો મોકો આપે તેમ ન હતી. તેણે તો સરસ રીતે બે ચોટલાં ગુંથ્યા હતા. થોડીવાર બાદ ફરી નમ્રતાએ ટાપુ બાબતે પુછતાં નરેશે ખીજમાં કહ્યું, 'તને આ સરોવરનું સ્વચ્છ પાણી, નાવડીઓ, આકાશમાં ઉડતા વાદળો સામે હરિયાળીથી આચ્છાદિત પર્વતો એ બધું દેખાતું નથી. બસ એક પેલા ટાપુ પર જ નજર ખોડીને બેસી રહી છે. જો સરોવરની છાતી પર એ સરમુખત્યારની જેમ બેઠો છે. તેનું તું મને શું કામ પુછે છે?'

'અરે યાર તું તો ખરેખર સિરિયસ થઈ ગયો. હું તો તારું જી.કે. ચેક કરતી હતી. તને જે બધું દેખાય છે તે સરોવરના અંતઃકરણ સાથે જોડાયેલું નથી. ટાપુને બીજી દૃષ્ટિ એ જોઈશ તો ખબર પડશે કે સરોવરે તેને પોતાના દિલમાં સમાવી રાખ્યો છે. સરોવરનું અસ્તિત્વ નહીં રહે તો પણ ટાપુ રહેશે.'

તું તો દાર્શનિકની જેમ વાત કરવા લાગી. તો પછી તુ જ કહી દે ટાપુ કઈ રીતે બન્યો હશે? નરેશે મુડને હળવો કરતાં કહ્યું,

સારું કહું એનો વિશ્વાસ કપડશે ને?

તારી વાતનો વિશ્વાસ તો કરવો જ પડશે. જિંદગી સાથે કાઢવી છે પછી. કહેતા નરેશે નમ્રતાની સુંદર નાજુક હથેળીને હળવેથી દબાવી એટલે તેના હોઠ પર અનાયાસ સ્મિત ફરકી ગયું. તે સામાન્ય થતાં બોલી ગમે તે જગ્યા હોય તેના નામ સાથે કોઈ ને કોઈ ક્વિદંતી હોય છે. તેમાં કેટલીક પૌરાણિક કે ઐતિહાસિક હોય તો કેટલીક વાતો લોકો પોતાની રીતે જોડી કાઢતા હોય છે.

'અરે યાર, મને ભાષાવિજ્ઞાન નો પાઠ શું કામ ભણાવે છે, સીધેસીધું કહી દે ને.'

આ તો ભૂમિકા હતી. સાંભળ આ સરોવરનું નામ મહાબળવાન ભીમના નામ પરથી પડ્યું છે. અજ્ઞાતવાસ દરમિયાન પાંડવો આ વિસ્તારમાં પણ રહેલા. તેઓ આ ટાપુ છે ત્યાં રહેતા હતા. એક દિવસ કોઈક બાબતે ગુસ્સો થતાં ભીમ જમીન પર જોરથી લાત મારતાં જળધારા ફૂટી નીકળી. તેના કારણે આ સરોવર બન્યું જયાં ઊભા રહી તેણે લાત મારેલી એ જગ્યા ટાપુ રુપે રહી ગઈ. ખડખડાટ હસતાં નમ્રતા બોલી પડી.

'વાચ કરતાં તો તારી પાસે શીખવું પડે. સારું આ માહિતી તને કયાં ગ્રંથમાંથી મળી?'

'અરે! ગ્રંથબંથ કઈ નહીં, એ તો ગાઈડ આ વાત ટૂરિસ્ટને કહેતો હતો, મેં તેને કહી દીધી. કહેતા નમ્રતા હસી પડી એટલે નરેશ પણ હસી પડ્યો. વાતો કરતાં કરતાં આગળ વધ્યાં નમ્રતા પોતાના ઘર તરફ અને નરેશ રુમ તરફ નીકળ્યો.'

બી.ટેકના છેલ્લા વર્ષમાં ભણતો નરેશ અને જી.જી. આઈ.સી.માં ભણતી નમ્રતાની કૉલેજ એક જ રોજ પર હતી. આવતાં જતા થયેલો પરિચય કયારે પ્રણયમાં પલટી ગયો તેની બંનેને ખબર જ ન પડી. આમ પણ પ્રેમ કરનારાં ને પ્રેમની ખબર કયાં પડે છે. એ તો આજુબાજુવાળાઓને પડતી હોય છે. જે તેના પ્રચાર-પ્રસારની બધા જવાબદારી ઉઠાવી લેતા હોય છે. નમ્રતા અને નરેશની બાબતે પણ કાનોકાન ચર્ચાની બજાર ગરમ હતી. પરંતુ બંને મર્યાદાની લક્ષ્મણરેખા ને સમજતા હતા. જેના કારણે કોઈ અઘટીત બનાવના કારણે તેમને નીચા જોણું ન થયું.

સંયોગ અને વિયોગ પ્રેમના અભિન્ન અંગ છે. જે તેને પૂર્ણતાપ્રદાન કરે છે. સંયોગના સમયે તમે તમે પ્રેમનો દેખાવ કરી શકો પણ વિયોગમાં વાસ્તવિકતા સિવાય કંઈ હોતું નથી. એવી જ ક્ષણ નમ્રત અને નરેશની જિંદગીમાં પણ આવી ચૂકી હતી. બી.ટેક.ની ડિગ્રી લઈને નરેશ સુરતની એક કંપનીમાં જોડાયો. પણ ત્યાં જતાં પહેલાં બંને એ એકબીજા પાસે વચન લીધા કે જિંદગીમાં હવે બીજું કોઈ નહીં આવે. તેનું સાક્ષી ભીમતાલ સરોવર બન્યું. નમ્રતા ઈન્ટરમીડીયેટની પરીક્ષા ફર્સ્ટ કલાસમાં પાસ કરી તેણે વડોદરામાં બી.એસ.સી.માં એડમીશન લીધું. મોબાઈલ ફોન પર બંને વચ્ચે વાતો થતી રહેતી. નરેશનું એમ કહેવું હતું તું બીએસસી. સારી રીતે કમ્પ્લીટ કરી લે ત્યાં સુધી હું પણ સેટલ થઈ જઈશ. પછી આપણે લગ્ન કરી નવી દુનિયા વસાવી લઈશું.

નમ્રતાને આ વાત રોમાંચિત કરી દેતી હતી. તે ભવિષ્યની કલ્પનાઓમાં ખોવાઈ જતી. ઘણા સહાધ્યાયીઓએ નમ્રતાને આકર્ષવાની કોશીષ કરી જોઈ પણ નો એન્ટ્રીનું બોર્ડ જોઈ પાછા પડી ગયા.

સમય તેની ગતિએ આગળ વધતો હતો. બંનેનો ફોનથી સંપર્ક રહેતો હતો. પણ એક દિવસ આ ફોનને કારણે જ નમ્રતાના વિશ્વાસનો મહેલ કકડભૂસ કરતો પડ્યો. બન્યું એવું કે નમ્રતાએ નરેશને ફોન લગાવ્યો ત્યારે સામે છેડેથી એક સ્ત્રી સ્વર સંભળાયો. કોણ? નરેશ તો બજારમાં ગયેલ છે. મોબાઈલ આજ ઘેર ભુલી ગયા છે. હું તેની થનાર પત્ની તન્વી, હમણાં અમે લીવ ઈન રિલેશનશીપમાં સાથે રહીએ છીએ. તમે કોણ?

'જુઓ મજાક ન કરો, નરેશ કયાં છે?'

મેડમ મજાક તો તમે કરો છો. નરેશને તમે કંઈ રીતે ઓળખો છો?

હું કયાં ઓળખું છું. જો ઓળખી શકી હોત તો આવું બનત નહીં. ખેર! તેમને મારો વિકલ્પ મળી ગયો. તમે બંને ખુશ રહો. મારી બાબતે તમે તેને જ પુછી લેજો કે મને કઈ રીતે ઓળખે છે. કહેતાં તેનો સ્વર રુંધાયો. આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં. મોબાઈલ એક તરફ ફેંકી આકળવ્યાકત થતા નમ્રતા ભાવિ જિંદગીનાં સપનાનો માળો વિખરાતો જોવા લાગી. શું વિકલ્પ શોધવો આટલો સહલો છે? મારા માટે તો હરગીઝ નહીં. મારે તેની જરુર પણ નથી. ખુશીના ભ્રમમાં જિંદગી વિતાવવી જેટલી સહેલી છે. તેથ વધુ મુશ્કેલ છે. કેમ કે ભ્રમ તૂટ્યા પછી પોતાની જાતને કેમ જાળવવી. નમ્રતા એ પોતાને સંભાળવાના ઘણા પ્રયાસો કર્યા પણ દિલ અને દિમાગની વચ્ચે તાલમેલ બેસતો ન હતો.

આ તરફ નરેશ બજારમાંથી પાછો ફર્યો ત્યારે તન્વી ઘવાયેલ નાગણની જેમ ફૂંફાડા મારવા લાગી. નમ્રતાને લઈને તકરાર એટલી આગળ વધી કે વાત ધોલધપાટ સુધી પહોંચી ગઈ. સવારે તન્વીએ પોતાનો સામાન પૅક

**અનુસંધાન પાના નં. ૭ પર**

# રૂઢિચુસ્ત રિવાજો...!! સમાજની સંકુચિત માનસિકતા સામે અનમેરિડની લાચારી...!!

હમણાં એફબી પર લટાર મારતાં 'ટ્રુ જોડી' નામની વેબસાઈટ પર 'સોચ બદલો' એવાં ટાઈટલ સાથે વિવિધ પોસ્ટર સાથેની ગર્લ્સના ફોટો જોવા મળ્યાં અને એમાં મુકેલા રૂઢિચુસ્ત સમાજના વિચારો આંચકો આપે એવાં હતા.

'મારી ઉંમર ૩૦ વર્ષની છે, હું એકદમ ફીટ અને ફાઈન છું, હજી સુધી અનમેરીડ હોવાથી, સમાજમાં ગણગણાટ થઈ રહ્યો છે કે નક્કી આમાં કંઈક લોચો હશે.' અમદાવાદી સ્વિટી.

'ઘરમાં લગ્નની વાતો સાથે એના બજેટની ચર્ચા છે, મા-બાપે એમની દીકરીના ભણતર અને સપના પુરા કરવા માટે ઈન્વેસ્ટમેન્ટ કરવું જોઈએ, નહીં કે સમાજમાં વટ પાડવા લગ્ન પાછળ.' આણંદની આકાંક્ષા.

'હમણાં જ મેં સેમસંગનો એસ-૭ નવો સ્માર્ટફોન ખરીદ્યો. નવાં સ્માર્ટ ફોનનો નિર્ણય કરવામાં અમને દસ દિવસનો સમય લાગ્યો... અને લાઈફ પાર્ટનરનો નિર્ણય જે વધુ સ્માર્ટ હોવો જોઈએ એનાં માટે માત્ર દસ મિનિટ?' ગાંધીનગરની સ્વરા.

'મારી હાઈટ એવરેજ છોકરીઓની રેન્જમાં નથી, યસ એ ૫'. ૯'' ની છે, જે મારા માબાપને દુઃખી કરે છે. કારણ હું પુરુષોના ઈગો કરતાં ઊંચી છું.' વડોદરાની દિશા.

'મોટા ભાગના છોકરાઓ મારી સાથે લગ્ન કરવા રાજી નથી, કારણ કે મારું શિક્ષણ એમનાં કરતાં કયાંક વધારે છે. અને એમાં એમનો અહમ્ ઘવાય છે.' સુરતની સાક્ષી.

'મારો સ્કિન કલર ગોરાની કેટેગરીમાં નથી અને એટલે મારે મારી ઘણી ડિમાન્ડ ઘટાડવી પડે છે, કારણ બધું જ સરસ છે, પણ આ કલર...' કલ્યાણની કામાક્ષી.

'મને જોવા આવનારી ફેમિલીને મારા પપ્પાની બેલેન્સશીટમાં વધારે રસ પડે છે, કારણ તેઓ ફાયનાન્સીયલી સાઉન્ડ છે, પણ તેમને મારી માર્કશીટમાં કેમ રસ નથી? બબ્બે વાર બોર્ડમાં નંબર લાવી છું.' અમદાવાદની કાજલ.

'મારા પપ્પા મને કાર શું કામ લગ્નમાં ભેટ આપે? જયારે તેઓ બિચારા એમની આખી જિંદગી 'હમારા બજાજ' જેવાં સ્કુટર પર કીકો મારીને ફર્યા હોય.' નાસિકની પુષ્પા.

**રિવાજોના ઓશિયાળા આ સૌ આત્માના સંબંધો છે**
**વાત બે જણની અંગત તો'ય દુનિયાના બંધનો છે**
**જોડાઈને જીવી જઈશું રિવાજ મુજબ એ નક્કી છે**
**એના ટેકામાં કઈ કેટલીયે મર્યાદાની સોગંધો છે!**
**- મેહુલ ભટ્ટ (ગાંધીનગર)**

'બધુ જ સરસ છે, બંને એકબીજાને પસંદ છે, પણ છોકરાના પપ્પા 'શગુન'ના નામે અમારી પાસે માંગણી કરે છે. એવાં ભિખારીના ઘરે કોણ પગ મુકે.' હિંમતનગરની આશુ.

'કાસ્ટ, સબ-કાસ્ટ, ગોત્ર, ગોળ બધું ભેગું કરતાં કરતાં અમે છોકરો ગોતતાં નાકે દમ આવી ગયો છે. મારાં મા-બાપે થોડું નમતું જોખવું જોઈએ ને?' ભરૂચની ઉર્વશી.

'હાયર એજ્યુકેશન એ મારી પેશન છે. લગ્નની ના નથી પણ, લગ્ન બાદ હું મારું ભણતર શા માટે ચાલુ ના રાખી શકું? એમની ડિમાન્ડ છે ભણવું હોય તો લગ્ન પહેલાં જ ભણી લો, પછી તો સંસાર, સાસુ-સસરાને બાળકો...' લીંબડીની સ્નેહા.

'ઘરમાળા એ મારાં હોય કે છોકરાવાળાનાં, મારું શિક્ષણ ત્યારે જ સાચું ઠરશે જયારે હું ગોળ રોટલી વણી શકું અને પાપડ બાળ્યાં વગર શેકી શકું.' મહુવાની ધ્રુતિ.

'જીન્સ-ટીશર્ટમાં નાસ્તાની ટ્રે લઈને આવી એમાં તો રીજેક્ટ થઈ ગઈ. અમને પસંદ કરવા આવે ત્યારે સાડીમાં જ શું કામ આવવાનું?' કોઈ કહેશે પ્લીઝ. ગાંધીનગરની નિરાલી.

'અમારું રંગ-રૂપ-શિક્ષણ-કલા-સંસ્કાર બધું જાય તેલ લેવા, પહેલાં કુંડળી મળવી જોઈએ. શનિ-મંગળ સારાં ઘરમાં હોવા જોઈએ. ગુણ મળવા જોઈએ, નાડી દોષના જોઈએ. ફલાણી-ફલાણી વિધિ કરીને ગ્રહો શાંત કરવા જોઈએ.' પાલનપુરની આસ્થા.






Hello ફ્રેન્ડસ

સંજય થોરાત

'લગ્નમાં ૫૦ તોલા સોનું તો ચઢાવવું જ પડશે. પછી ભલેને મા-બાપ વીઘો ખેતર વેચી મારે.' મહેસાણાની વૈભવી.

'લગ્નના ડેકોરેશન, જમણવાર અને લેવડ-દેવડમાં લાખ્ખો રૂપિયા ખર્ચાય તો ચાલે, પણ એટલાં જ રૂપિયા નવ દંપતીને વ્યવસાય માટે કે ઘર લેવા માટે ન અપાય. પ્રાંતિજની શિતલ.

'મારે કોઈ બૉયફ્રેન્ડ હતો? એવું પુછનારી સાસુમાં એ કયારેય એમના છોકરાની ગર્લફ્રેન્ડનું લીસ્ટ ચેક કર્યું છે?' જામનગરની બીના.

'મારે મમ્મી નથી. પ્રથમ ડિલીવરી માટે તો મમ્મીના ઘરે જ જવાનું. હવે સાસુમા તમે મારા મમ્મી નથી? કે તમે તમારી દીકરીના મમ્મી નથી? શું તમને દાદી બનાવનાર તમારાં જ દીકરાની વહુની ડિલીવરી કરાવવામાં પેટમાં દુઃખાવો ઉપડે છે?' નડિયાદની ડોલી.

... આવાં તો અનેક સવાલો, વિચારો, મુંઝવણ, આક્રોશ, નફરત, ગુસ્સો વિવિધ નાત-જાત, ક્ષેત્રમાંથી આવતી છોકરીઓ કરી રહી છે.

'હું ગુજરાતી છું પણ મને ઈંગ્લીશ બોલતાં આવડે છે... હું સાઉથ ઈન્ડિયન છું પણ બ્લેક નથી... હું છોકરી છું પણ મને પાણી-પુરી ભાવતી નથી... મને રસોઈ નહીં રેસિંગનો શોખ છે.... હું તો મારા ઘરમાં ચાનો કપેય મુકતી નથી...'

સમાજમાં લગ્નને ઉંબરે ઊભેલી યુવતીઓને ઘણાં પ્રશ્નો સતાવી રહ્યા છે. એમનાં એક એક પ્રશ્નમાં સમાજની સંકુચિતતા પ્રદર્શિત થાય છે. સમાજ સુધરી ગયાની વાતો થતી હોવા છતાં જયારે આવાં ઉદાહરણો, છોકરીઓ જયારે ખુલ્લંખુલ્લાં એમનાં પ્રશ્નો મુકે ત્યારે સુધારાવાદી સમાજ પણ ડઘાઈ જાય છે!

**અનુસંધાન પાના નં. ૭ પર**